પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૦૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૭-૦૪-૨૦૨૪ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર શાંતિપૂર્ણ મતદાન સંપન્ન : સરેરાશ ૬૫ ટકા મતદાન




નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર આજે મતદાન શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થયું હતું.કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી ગયા હોવાની તો કેટલાક સ્થળોએ મતદાર યાદીમાં નામ નહીં હોવાની ફરિયાદો મળી હતી કેટલાક મતદાન મથકો પર કાર્યકરો વચ્ચે અથડામણના પણ અહેવાલો મળ્યા છે.જો કે કોઈ મોટો બનાવ મતદાન દરમિયાન બનવા પામ્યો ન હતો સાંજે પાંચ વાગ્યા બાદ પણ મતદાન કેન્દ્રોની અંદર લાઈનમાં ઉભા રહેવા મતદારોને મતદાન કરવાની છુટ આપવામાં આવી હતી. ૮૮ બેઠકો પર સરેરાશ ૬૫ ટકા જેટલું મતદાન થયું હતું.

બીજા તબક્કાનું મતદાન સવારે સાત વાગ્યાથી કડક સુરક્ષા વચ્ચે શરૂ થયું હતું જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલુ રહ્યુ હતું મતદાન શરૂ થાય તે પહેલા કેટલાક મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી.આજે કેરલની તમામ ૨૦,કર્ણાટકની ૧૪, રાજસ્થાનની ૧૩, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશની આઠ-આઠ, મધ્યપ્રદેશની છ, આસામ અને બિહારની પાંચ-પાંચ, બંગાળ જમ્મુ અને કાશ્મીરમાંથી ત્રણ-ત્રણ અને ત્રિપુરાની એક-એક સીટ પર મતદાન થયું હતું.જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં લગભગ ૬૫.૫ ટકા મતદાન થયું હતું.

બીજા તબક્કામાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), બીજેપી નેતા તેજસ્વી સૂર્યા (કર્ણાટક), મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (વાયનાડ), તિરુવનંતપુરમથી શશિ થરૂર, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના ભાઈ ડી.કે. સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ)નું ભાવી મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કર્યું છે.

પોખરણ વિધાનસભા ક્ષેત્રમાં એક બૂથ પર લડાઈ અને લડાઈ જોવા મળી હતી. અહીં ગુડ્ડી ગામના બૂથ પર એજન્ટ પર હુમલો થયો, નકલી વોટિંગને લઈને આ વિવાદ શરૂ થયો. આ પછી કોંગ્રેસના નેતાઓએ આ મામલે પોલીસ અધિકારીઓને ફરિયાદ કરી હતી. કોંગ્રેસના એજન્ટે ભાજપના કાર્યકર પર મારપીટનો આરોપ લગાવ્યો છે. શિવ વિધાનસભા ક્ષેત્રમાં બે જૂથો વચ્ચેની લડાઈ બાદ શિવના થંબલીમાં મતદાન અટકાવવામાં આવ્યું હતું

કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કનકપુરામાં પોતાનો મત આપ્યો હતો ઈસરોના વડા એસ. સોમનાથે તિરુવનંતપુરમમાં પોતાનો મત આપ્યો. તેમણે કહ્યું, "મને મત આપીને ખૂબ જ આનંદ થાય છે ભાગલપુરમાં મતદાન કરનાર અભિનેત્રી અને કોંગ્રેસના ઉમેદવાર અજીત શર્માની પુત્રી નેહા શર્માએ કહ્યું, "હું દરેકને અપીલ કરીશ કે આવો અને મતદાન કરો... ભાગલપુરના લોકો અહીં જીતશે..." કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ચામરાજનગરમાં મતદાન કર્યું હતું

કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કનકપુરામાં પોતાનો મત આપ્યો હતો ઈસરોના વડા એસ. સોમનાથે તિરુવનંતપુરમમાં પોતાનો મત આપ્યો. તેમણે કહ્યું, "મને મત આપીને ખૂબ જ આનંદ થાય છે ભાગલપુરમાં મતદાન કરનાર અભિનેત્રી અને કોંગ્રેસના ઉમેદવાર અજીત શર્માની પુત્રી નેહા શર્માએ કહ્યું, "હું દરેકને અપીલ કરીશ કે આવો અને મતદાન કરો... ભાગલપુરના લોકો અહીં જીતશે..." કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ચામરાજનગરમાં મતદાન કર્યું હતું ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડે એક સામાન્ય નાગરિકની જેમ કતારમાં ઉભા રહી બેંગ્લોર નોર્થના ડોલર કોલોનીમાં સ્થિત મતદાન મથક પર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.અભિનેતા દર્શને બેંગ્લુરૂના રાડરાજેશ્વરી નગરના મતદાન કેન્દ્ર પર મતદાન કર્યુ હતું.પશ્ચિમ બંગાળના રાજયપાલ સી વી આનંદ બોસે કેરલના તિરૂવનંતપુરમમાં મતદાન કર્યુ હતું. ભારતીય ક્રિકેટ ટીમનો બોલર મોહમ્મદ શમી પોતાના ભાઈ અને ભાભીની સાથે ડિડૌલી વિસ્તારના સહસપુર અલીનગરના મતદાન કેન્દ્ર પર પહોંચ્યો હતો અને મતદાન કર્યું હતું. પૂર્વ ક્રિકેટર જવાગલ શ્રીનાથે મૈસુરના એક મતદાન કેન્દ્ર પર મતદાન કર્યુ હતું.

અલીગઢ સાંસદીય મત વિસ્તારની ખૈર વિધનસભાના લાલગઢી પોસ્ટ પલસેડાની બુથ નં.૧૦૩ ઉપર ગ્રામીણોએ ગામમાં વિકાસ ન થવા અને મુખ્ય પાર્ટીઓના વડાઓ દ્વારા ગામનો પ્રવાસ ન કરવા પર મતદાનનો બહિષ્કાર કર્યો હતાં. આ ઉપરાંત બરૌલી વિધાનસભાના જવાંના હેવતપુર સિયા ગામના લોકોએ સડકને લઈને મતદાનનો બહિષ્કાર કર્યો હતાં. ગાઝિયાબાદના ખોડાના મોટાભાગના યુવાનોએ આ વખતે મતદાન કર્યું ન હતું તેમણે પાણી નહીં તો વોટ નહીંની વાત કરી હતી. પશ્ચિમ બંગાળમાં ભાજપના ઉમેદવાર સુકાંત મજુમદાર અને ટીએમસી કાર્યકર્તાએ વચ્ચે અથડામણ થઈ હતી.બીજા તબક્કાના મતદાનમાં પ્રથમવાર મતદાન કરી રહેલા યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.ભારે ગરમી હોવા છતાં મતદારો મતદાન કેન્દ્રો પર મતદાન કરવા માટે પહોંચ્યા હતાં. વૃદ્ધોએ પણ મતદાન કર્યું હતું. આ ઉપરાંત કિન્નારોએ પણ મતદાનમાં ભાગ લીધો હતો આ ઉપરાંત જેના લગ્ન હતાં તેઓ પણ લગ્ન કરતા પહેલા મતદાન કરવા પહોંચ્યા હતાં

## લોકસભાની ચુંટણીના મતદાનની સાથે.. સાથે.. ભાગલપુરમાં અનોખી પહેલ, પ્રથમ ૧૦૦ મતદારોને અંબાનાના છોડ આપવામાં આવ્યા



દેશમાં આજે બીજા તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે. આ મતદાન દરમિયાન ભાગલપુર સંસદીય ક્ષેત્રમાં જિલ્લા વહીવટી તંત્રએ લોકોને મતદાન માટે આકર્ષવા અને પર્યાવરણ સંતુલન જાળવવાનો સંદેશ આપવા અનોખી પહેલ કરી હતી. ભાગલપુરના ત્રણ મતદાન મથકો પર પ્રથમ ૧૦૦ મતદારોને કેર પ્લાન્ટ આપવામાં આવ્યા હતા. આ કેન્દ્રોને 'ગ્રીન વોટિંગ સેન્ટર' નામ આપવામાં આવ્યું છે.

ભાગલપુર જિલ્લા ચૂંટણી અધિકારી કમ જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. નવલ કિશોર ચૌધરીએ જણાવ્યું, "ભાગલપુરના ત્રણ મતદાન મથક નંબર ૪૧, ૪૮ અને ૮૫ ને ગ્રીન સેન્ટર બનાવવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે તમામ ગ્રીન બૂથ પર રોપાઓ રોપીને લોકોને પ્રોત્સાહિત કર્યા."

## ભર ઉનાળે દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ,ખેડૂતો ચિંતિત

ગુજરાતના વાતાવરણમાં મોટી ઉથલપાથલ મચી રહી છે. હજી તો એપ્રિલ મહિનાની ગરમી શરૂ જ થઈ છે. ત્યાં ગુજરાતમાં કમોસમી વરસાદ આવી ગયો છે. એપ્રિલ મહિનાની શરૂઆતથી ગુજરાતના વાતાવરણમાં મોટા પલટા આવી રહ્યાં છે.વરસાદ, ગરમી, વરસાદનું આવનજાવન ચાલુ જ છે. ત્યારે ફરી એકવાર ગુજરાતનું વાતાવરણ પલટાયું છે. આજે વહેલી સવારથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ ત્રાટક્યો હતો. સુરત, વલસાડ, તાપી, ભાવનગર જિલ્લાઓમાં કમોસમી માવઠું આવ્યું છે. જોકે, માવઠાને પગલે ગુજરાતના આ શહેરોના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. તો ગરમીનો પારો નીચે ગયો છે. પરંતું બીજી તરફ, માવઠાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

સુરત જિલ્લામાં એકાએક કમોસમી વરસાદી ઝાપટા સાથે વરસાદ મહેમાન બન્યો છે. સુરતના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.સુરતના માંડવી, ઉમરપાડા અને ઓલપાડ તાલુકાના કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટું આવ્યું હતું. માવઠાને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. માંડવી તાલુકામાં પણ ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો.વલસાડ જિલ્લામાં વહેલી સવારે વાતાવરણમાં મોટો પલટો આવ્યો હતો.વલસાડ શહેર સહિત આજુબાજુના વિસ્તારમાં કમોસમી વરસાદ આવ્યો હતો.વરસાદના કારણે સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી છે. કમોસમી વરસાદના કારણે વલસાડ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને કેરી પકવતા ખેડૂતોને મોટું ટેન્શન ચઢ્યું છે. કમોસમી વરસાદથી કેરીના પાકમાં મોટું નુકસાન થવાની ભીતિ છે. લગ્નગાળો હોવાથી વલસાડમાં પણ ઘણા લગ્ન પ્રસંગ છે. ધરમપુર તાલુકા ખાતે કમોસમી વરસાદના કારણે ઘણાં લગ્નમાં વિઘ્ન આવ્યુ છે. કમોસમી વરસાદના કારણે ઘણાં લગ્ન મંડપ ખરાબ થયા છે.

તાપી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં કમોસમી માવઠું આવ્યું છે. વહેલી સવારથી વાલોડ, વ્યારા, ડોલવણ સહિતના વિસ્તારોમાં કમોસમી માવઠું આવ્યું છે. વ્યારા શહેરના મિશન નાકા, સ્ટેશન રોડ સહિતના વિસ્તારમાં ઝરમર ઝરમર વરસાદી માહોલ જોવા મળ્યો હતો. કમોસમી માવઠાને લઈ વાતવરણમાં ઠંડક વધી છે, તો સાથે જ ખેડૂતોની ચિંતા વધી છે. માવઠાને લઈ કેરી અને ઉનાળુ પાક પકવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. સૌરાષ્ટ્ર પંથકમાં ભાવનગરના વાતાવરણમાં અચાનક ફેરફાર આવ્યો છે. શહેરના અનેક વિસ્તારમાં વહેલી સવારે ઝરમર વરસાદ થયો હતો.મસ્તરામબાપા મંદિર, ચિત્રા યાર્ડ, આખલોલ જગાતનકા, નારી ચોકડી, વરતેજ સહિતના વિસ્તારોમાં વરસાદ થયો છે. તો શહેરના અંતરિયાળ વિસ્તારોમાં પણ ક્યાંક ક્યાંક ઝરમર વરસાદ વરસ્યો હતો.ઝરમરીયો વરસાદ શરૂ થતાં ઉનાળાની ગરમીથી અગાશીમાં સૂતા લોકોની ઊંઘમાં ખલેલ પહોંચી હતી. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આવતીકાલથી ૨૭ એપ્રિલથી થી ૨૯ એપ્રિલ દરમિયાન રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેશે. બંગાળના ઉપસાગરને ભેજ અને અરબ સાગરનો ભેજના કારણે પ્રિ-મોન્સુન એક્ટિવિટીની શરૂઆત થઈ છે. જોકે, તેના બાદ કાળઝાળ ગરમી પડશે. તારીખ ૨૮-૨૯ એપ્રિલ દરમિયાન મધ્ય ગુજરાતમાં વડોદરા આણંદ ભાગોમાં મહત્તમ તાપમાન ૪૩ થી ૪૪ ડિગ્રી રહેશે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ગરમી વધશે. ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં ગરમી ૪૧ ડિગ્રી કે તેથી વધુ ગરમી રહેશે. તો કચ્છમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી તાપમાન રહેશે. જૂનાગઢમાં ગરમી ૪૧ ડિગ્રી, અમરેલી અને ભાવનગરમાં ૩૮ થી ૪૦ ડિગ્રીએ પહોંચી જશે. દક્ષિણ ગુજરાતમાં સુરતમાં પણ ગરમીનું પ્રમાણ વધશે. વિદર્ભના ભાગોમાં ગરમીના કારણે મહારાષ્ટ્રના સંલગ્ન ભાગોમાં ગરમી વધશે. આહવા, ડાંગ અને વલસાડમાં ગરમી રહેશે. મે માસની શરૂઆતમાં ફરી એકવાર કમોસમી વરસાદ દસ્તક આપશે. દેશના ઘણા ભાગોમાં પ્રી મોનસુન એક્ટિવિટી થશે. જેથી ગરમીનો પારો ફરી નીચે જશે.

## ગુજરાત બોર્ડનો મહત્વપૂર્ણ નિર્ણય; 'હવે વિદ્યાર્થીઓને નાપાસ થવાનો ડર જ નહીં રહે, વર્ષ નહીં બગડે'

અમદાવાદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે સૌથી મોટા ખુશીના સમાચાર સામે આવ્યા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની જેટલા વિષયની રી એક્ઝામ આપવી હોય તે વિદ્યાર્થી આપી શકશે. અહીં વિદ્યાર્થીઓ આખે આખી પરીક્ષા એટલે કે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપી શકશે. ત્યારબાદ બન્ને વખતની પરીક્ષાના પરિણામમાં જે પરિણામ ઊંચુ હશે તે ધ્યાને લેવાશે.

તેવી જ રીતે ધોરણ ૧૦માં પહેલા બે વિષયની પૂરક પરીક્ષા આપી શકાતી હતી તે આ વખતે ત્રણ વિષયની પરીક્ષા આપી શકાશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં પહેલા એક જ વિષયની પૂરક પરીક્ષા આપી શકાતી હતી તે આ વખતે બે વિષયની પરીક્ષા આપી શકશે. મહત્વનું છે કે, ધોરણ ૧૨ માટે આ નિર્ણય ખૂબ જ મહત્વનો છે. આમ તો ગુજરાત બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ પૂરક પરીક્ષા પણ વહેલી લેવામાં આવે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી જે વિદ્યાર્થીઓ વધારે વિષયમાં નાપાસ થયા હોય તો તેઓ અલગ અલગ ધોરણ પ્રમાણે માત્ર એક કે બે વિષયની પૂરક પરીક્ષા જ આપી શકતા હતા. પરંતુ આ વખતે બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે.જે મુજબ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થી આખે આખી એક્ઝામ ફરી આપવા ઈચ્છતો હોય તો તે વિદ્યાર્થી પરીક્ષા આપી શકશે. એટલું જ નહીં આ બંને પરિણામમાં બેસ્ટ ઓફ ટુ ધ્યાને લેવાશે. સાથે જ ધોરણ ૧૨ બાદ કરિયરને લગતા કોર્સમાં કે એસીપીસીના કોર્સમાં પણ જે પરિણામ ઊંચું હશે તે ધ્યાને લેવાય તેવું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે, ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલું જાહેર કરવાનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે ગુજરાત બોર્ડ તેની તૈયારીઓ કરી રહ્યું છે. સાથે જ પરીક્ષાના પરિણામ બાદ પૂરક પરીક્ષા પણ વહેલી પુરી કરવાની તૈયારીઓ કરી રહ્યું છે.

## હેમંત સોરેનની પત્નીની રાજકારણમાં એન્ટ્રીઃ પતિ જેલમાં હોવાથી કલ્પના ગાંડેય સીટ પરથી ચૂંટણી લડશે



રાંચી,

ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની પત્ની કલ્પના સોરેન ચૂંટણીના રાજકીય મેદાનમાં ઉતરી ગયા છે. ગાંડેય વિધાનસભા સીટથી થનારી પેટાચૂંટણીમાં ઝારખંડ મક્તિ મોર્ચાએ તેમને ઉમેદવાર જાહેર કર્યા છે. આમ તો ચૂંટણી રેલીમાં જોવા મળતા જ હતા, પણ તેઓ ખુદ ચૂંટણીમાં ઊભા રહેશે કે નહીં, તેને લઈને ચર્ચાઓ થઈ રહી હતી. હવે ઉમેદવાર તરીકે તેમના નામની જાહેરાત થઈ ગઈ છે. આ સીટ પર ૨૦ મેના રોજ મતદાન થશે.જેએમએમે કહ્યું કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને ગાંડેય વિધાનસભા પેટાચૂંટણી ૨૦૨૪માં ઝારખંડ મુક્તિ મોર્ચાના ઉમેદવારની છેલ્લી યાદી જાહેર કરવામાં આવે છે. જમશેદપુર લોકસભા વિસ્તારથી સમીર મોહન્તી ચૂંટણી લડશે. તો વળી ગાંડેય વિધાનસભા સીટથી કલ્પના સોરેનને ઉમેદવાર બનાવામાં આવે છે. નામની જાહેરાત પહેલાથી જ કલ્પના સોરેને ગાંડેય સીટ પર પોતાની તૈયારી શરુ કરી દીધી હતી. આ સીટ ઝારખંડ ગિરિડીહ જિલ્લામાં આવે છે. તાજેતરના દિવસોમાં કલ્પનાએ જેએમએમના કાર્યકર્તા સંમેલનને પણ સંબોધન કર્યું હતું.

હેમંત સોરેનની ધરપકડ પહેલા જ કલ્પના સોરેનના નામની ચર્ચા ઝારખંડના રાજકારણમાં થવા લાગી હતી. જ્યારે હંમેત સોરેનને ઈડી ધરપકડ કરી શકતી હતી, તેમણે પાર્ટી નેતાઓની એક બેઠક પોતાના નિવાસસ્થાને બોલાવી હતી. આ બેઠકમાં કલ્પના સોરેન પણ જોડાયા હતા. આ બેઠકમાં કલ્પના સોરેનની તસ્વીર વાયરલ થઈ હતી.

## નિલેશ કુંભાણીને કોંગ્રેસે ૬ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા



સુરત,

સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી સામે કોંગ્રેસને શિસ્ત સમિતિએ મોટી કાર્યવાહી કરી છે. ત્યારે આજે કોંગ્રેસે કુંભાણીને પક્ષ માંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. મળતી માહિતી મુજબ ફોર્મ અમાન્ય ઠરવા બદલ નિષ્કાળજીને લઈને તેમજ કોંગ્રેસને કોઈ ખુલાસો ન કરતા કુંભાણીને સસ્પેન્ડ કરવાનો લેવાયો નિર્ણય લેવામાં આવ્યો. કુંભાણી હાલ ક્યા છે તે અંગે પણ કોઈ જાણકારી નથી જેને લઈને કોંગ્રેસમાં કુંભાણીને લઈને રોષ જોવા મળી રહ્યો છે.સુરતથી મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ નિલેષ કુંભાણીના ફોર્મમાં મોટી ખામી આવી હતી. જેમાં કુંભાણીના ટેકેદારો અને તેમની સહિ અયોગ્ય ઠરી હતી જે બાદ કાર્યવાહી થઈ હતી અને કલેક્ટર કચેરીએ તપાસ માટે બોલાવવામાં આવ્યા હતા જે બાદ એક દિવસનો સમય પણ કુંભાણીને આપવામાં આવ્યો હતો. તેમ છત્તા કુંભાણી તેમના ટેકેદારોને હાજર કરી શક્યા ન હતા અને અંતે ફોર્મ રદ થયુ હતુ. જે બાદથી કુંભાણીને લઈને કોંગ્રેસમાં વિરોધ ચાલી રહ્યો છે.

કુંભાણીનુ ફોર્મ રદ થતા જ તે ભૂગર્ભમાં ઉતરી ગયા છે જેને લઈને કોંગ્રેસ તેમનો સતત વિરોધ કરી રહી છે ઘર પર પોસ્ટર લગાવી કોઈ જનતાનો ગદ્દાર, હત્યારો કહી રહ્યા છે તો કોઈ મારીનાખવાની ધમકી આપી રહ્યા છે ત્યારે આ કુંભાણીનો હજુ સુધી કોઈ અતોપતો મળ્યો નથી. જે બાદ કોંગ્રેસે કુંભાણી પર મોટી કાર્યવાહી કરી છે અને પક્ષ માંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. ફોર્મ રદ થયાના તે જ દિવસથી નિલેશ કુંભાણીના ઘરે તાળા જોવા મળ્યા હતા પત્ની પર ૪ દિવસ બાદ ઘરે પરત ફરી હતી પણ હજુ કૂંભાણી ક્યાં છે તે અંગે કોઈ જાણકારી નથી, ગઈકાલે કુંભાણીના પક્ષમાં કેટલાક સાક્ષીઓ પર સામે આવ્યા હતા પણ ફરી આજે તેમનો પણ કોઈ અતોપતો નથી ત્યારે હવે કોંગ્રેસની શિસ્ત સમીતીએ નિલેશ કુંભાણીને પક્ષ માંથી ૬ વર્ષ માટે દૂર કરવાનો નિર્ણય લીધો છે. કોંગ્રેસની આ કુંભાણી પર મોટી કાર્યવાહી છે.

## ભારે વરસાદના કારણે જેલની દીવાલ તૂટી ગઈ, મોકો જોઈને ૧૧૮ કેદીઓ ભાગી ગયા

સુલેજા,

નાઈઝીરિયાના સુલેજા શહેરમાં બુધવારે રાતે ભારે વરસાદ અને તોફાનના કારણે જુના સુલેજા જેલની દીવાલ તૂટી ગઈ હતી. જે બાદ મોટી સંખ્યામાં કેદીઓ ભાગી ગયા હતા. સ્થાનિક સમયાનુસાર રાતના ૯ વાગ્યાની આસપાસ તોફાન અને ભારે વરસાદના કારણે ઈમારતનો અમુક ભાગ તૂટી ગયો હતો. જેમાંથી એક જેલની દીવાલ પર તૂટી ગઈ અને ૧૧૮ કેદીઓ મોકો જોઈને ભાગી ગયા હતા.

સુલેજા શહેરના એક રહેવાસીએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે, આ ઘટના સાચી છે, અમને બે કેદીઓ પકડવામાં મદદ મળી છે અને તેમને જેલના અધિકારીઓને સોંપી દેવામાં આવ્યા છે. આ જાણકારી અનુસાર, ભાગેલા કેદીઓને પકવા માટે સુરક્ષા દળોની એક ટીમ સુલેજા શહેરના મુખ્ય ઠેકાણા અને સંદીગ્ધ વિસ્તારમાં શોધવા માટે મોકલ્યા છે. સુરક્ષાકર્મી ભાગતા કેદીઓને ડરાવવા માટે હવાઈ ફાયરિંગ પણ કર્યા હતા.

સૂત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર, સુરક્ષાકર્મીઓને ખો આપીને અલગ અલગ દિશાઓમાં કેદીઓ ભાગી ગયા હતા. સુરક્ષાદળના જવાનો તેમને શોધવામાં કામે લાગી ગયા છે.આ દરમ્યાન મિન્ના-સુલેજા અને સુલેજા કદુના રસ્તા પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. જેમાં મદલ્લા અક્ષથી લઈને અબૂજા રોડ પર પણ સુરક્ષા વધારી દીધી છે.

## સુપ્રીમકોર્ટનો મહત્ત્વનો ચુકાદો ,પત્નીના સ્ત્રીધન પર પતિનો હક નથી

નવીદિલ્હી,

સુપ્રીમકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું હતું કે પત્નીના સ્ત્રીધન પર પતિનું કોઈ જ નિયંત્રણ નથી. અને જો કટોકટીના સમયે પતિએ સ્ત્રીધનનો ઉપયોગ કર્યો હોત તો બાદમાં તે પરત કરવું તેની નૈતિક ફરજ છે. ગુમાવેલા સોના બદલ પત્નીને ૨૫ લાખનું વળતર ચૂકવવાનો પતિને આદેશ આપતા સુપ્રીમકોર્ટે આ સ્પષ્ટતા કરી હતી.

મૂળ કેરળના કેસમાં પત્નીએ દાવો કર્યો હતો કે લગ્ન સમયે તેને પિયર પક્ષ તરફથી સોનાના ૮૯ દાગીના મળ્યા હતા. વધુમાં તેના પિતાએ મહિલાના પતિને ૨ લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો. પત્નીના જણાવ્યા પ્રમાણે લગ્નની પ્રથમ રાતે જ પતિએ સુરક્ષાનું કારણ આગળ ધરીને તમામ દાગીના પોતાના કબજા હેઠળ લઈ લીધા હતા. જો કે પત્નીએ આરોપ મુક્યો હતો કે પતિ તથા તેના સાસુએ અગાઉની આર્થિક જવાબદારીઓમાંથી છૂટકારો મેળવવા માટે સોના-ચાંદીના દાગીનાનો દુરુપયોગ કર્યો હતો.

આ કેસમાં ૨૦૧૧માં ફેમિલિ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે પતિ અને તેની માતાએ મહિલાની જ્વેલરીનો ગેરવહીવટ કર્યો છે. તેથી આ નુકસાનની ભરપાઈ કરવાનો તેને અધિકાર છે. જો કે કેરળ હાઈકોર્ટે ફેમિલિ કોર્ટના ચુકાદાને રદ ઠેરવીને મહિલાના પતિ તથા સાસુને રાહત આપી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે પતિ અને તેની માતા દ્વારાલ જ્વેલરીનો ગેરવહીવટ થયો છે એ પુરવાર થયું નથી. એ પછી મહિલાએ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો.

સુપ્રીમકોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાએ જણાવ્યું હતું કે સ્ત્રીધન એ પત્ની અને પતિની સંયુક્ત સંપત્તિ નથી. તેથી આ સંપત્તિ પર પતિનો અધિકાર નથી. આ સંપત્તિ મહિલાને લગ્ન પહેલા કે લગ્ન પછી મળી હોય છે તેથી તેના પર માત્ર તેનો જ અધિકાર છે.આ કેસમાં હાઈકોર્ટના ચુકાદાને ખામી ભરેલો ગણાવતા સુપ્રીમકોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે લગ્નસંબંધ પતિ-પત્નીના પરસ્પર વિશ્વાસ પર ટકેલો છે. તેથી (આ કેસમાં) પત્નીને પહેલેથી જ પતિ પર ભરોસો ન હતો એવું માનવું શક્ય નથી.

# બાલાસિનોરમાં મેડિકલ સ્ટોર્સ પર ફાર્માસિસ્ટ વિના જ બારોબાર દવાનું વેચાણ કરનાર ૩ ઈસમોને નોટિસ ફટકારાઈ

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના દવાના સ્ટોર્સ પર કેટલીક હોસ્પિટલોની અંદર અને બહાર આવેલા મેડિકલ સ્ટોર્સ અનઅધિકૃત માણસો દ્વારા ચલાવી લોકોને દવાઓ આપી રહ્યા છે. કેટલાક મેડિકલ સ્ટોર્સ દ્વારા બેન્ચ નંબર અને પ્રમાણિત કરવામાં ન આવતી દવાઓનું વેચાણ અંદરખાને કરવામાં આવતું હોવાની ખાનગી વર્તુળમાંથી માહિતી મળતા આ અંગે સંબંધિત આરોગ્ય સાથે ખિલવાડ કરતા દવાની દુકાન ધારકોના લાયસન્સ સહિતના ચેકીંગ માટે ડ્રગ્સ વિભાગ ગોધરા તરફથી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બોગસ મેડિકલ ચલાવતા ત્રણેય ઈસમો ઝડપાઈ જતાં નોટિસ ફટકારવામાં આવી હોવાની સત્તાવાર માહિતી મળી છે.બાલાસિનોર તાલુકા તેમજ નગરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મિલીભગતના કારણે ગેરકાયદે મેડિકલ સ્ટોર્સ ધમધમી રહ્યા છે. નગરના જાગૃત નાગરિકો દ્વારા વારંવાર મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તંત્રની રહેમનજર હેઠળ આ સમગ્ર ગેરકાયદે સ્ટોર્સ ધમધમી રહ્યા છે, જેમ બોગસ તબીબો પર તંત્રએ કોરડો વિંઝ્યો છે. તે રીતે આવા ગેરકાયદે ધમધમતા મેડિકલ સ્ટોર પર પણ કડક કાર્યવાહી કરવી જોઈએ સામાન્ય રીતે કોઈ પણ મેડિકલ સ્ટોર પર પ્રિસ્ક્રીપ્સન વગર દવા આપવામાં આવતી નથી. પરંતુ બાલાસિનોરના કેટલાક મેડિકલ સ્ટોર્સ દ્વારા બેફામ રીતે વગર પ્રિસ્ક્રીપ્સને દવાઓ આપવામાં આવી રહી છે. ચોંકાવનારી બાબત તો એ છે કે, કેટલાક મેડિકલ સ્ટોર્સ ફાર્મસીસ્ટ વિના ચાલી રહ્યા છે, તો કેટલાક મેડિકલ સ્ટોર્સ ભાડાના ફાર્મસીસ્ટના સર્ટી પર ચાલી રહ્યા છે અને મોટાભાગના મેડિકલ સ્ટોર્સ ઉપર ફાર્મસીસ્ટ હાજર હોતા નથી. ત્યારે લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. જેની જાણ જાગૃતજનો દ્વારા તંત્રને કરી હોવાથી ગોધર ડ્રગ્સ વિભાગ તરફથી રેડ કરતા બોગસ મેડિકલ ચલાવતા સંચાલકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. જ્યારે બાલાસિનોરમાં ફાર્માસિસ્ટ વગર ચાલતા ત્રણ મેડિકલ સ્ટોર પૈકી યોગેશ્વર મેડિકલ સ્ટોર, જી મેડિકલ સ્ટોર અને સર્વોદય મેડિકલ સ્ટોરના સંચાલકો અને ફાર્માસિસ્ટને ડ્રગ્સ વિભાગ તરફથી નોટિસ ફટકારી દંડ વસૂલ કર્યો છે. ત્યારે તંત્ર દ્વારા માત્ર દંડની જોગવાઈ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં ઈસમો સામે ફોજદારી કેસ દાખલ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# બાલાસિનોરના ભાંથલા ખાતે મતદાન જાગૃતિ શિબિર યોજાઈ



બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના ભાથલા ખાતે બીજા સન એક્સપ્લોઝન પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા આજરોજ લેબર વેલ્ફેર ઓફિસર પ્રિયંકા બારૈયા તેમજ ડીઆઈસી ના અધિકારી એસ.ડી.નિનામા અને સ્ટાફના અધ્યક્ષ સ્થાનમાં મજદૂરોને મતદાન જાગૃતિ માટેની શિબિર યોજવામાં આવી હતી. જેમાં બીજા સંત પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટ નવનીતભાઈ સોમાણી તેમજ ૧૫૦ થી વધુ લેબરો આ શિબિરમાં જોડાયા હતા અને મતદાન કરવાની અને કરાવવાની પ્રતિજ્ઞા લીધી.

# અંબિકા પોલીમર પ્રાઈવેટ લિ. હરીયાળા ખાતે મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

નડિયાદ, ખેડા સંસદીય મતવિસ્તાર માતર વિધાનસભામાં સમાવિષ્ટ લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત SVEEP અને TIP કાર્યક્રમ હેઠળ મતદાન જાગૃતિની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે જે અંતર્ગત જીલ્લા શિક્ષણાધિકારી કચેરી નડિયાદ અને ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડ નડિયાદના સંયુક્ત ઉપક્રમે અંબિકા પોલીમર પ્રાઈવેટ લિમિટેડ કંપની, હરિયાળા મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૦૦ થી વધુ કામદારોએ અચૂક મતદાન કરવા માટે શપથ લીધા હતા અને સિગ્નેચર કેમ્પઈનમાં પણ સહભાગી થયા હતા.આ કાર્યક્રમમાં કંપનીના મેનેજર પ્રવિણસિંહ વાઘેલા, એચ.આર.– નીલેશભાઈ ડીઈઓ કચેરીના સ્વીપ સહ–નોડલ આર.ડી. પટેલીયા, મદદનીશ શિક્ષણ નિરીક્ષક રિતેશભાઈ પટેલ સહિત અંબિકા પોલીમર કંપનીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓના માર્ગદર્શન હેઠળ બાઈક રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં માતરમાં ૨૨૦, નડિયાદમાં ૧૫૦, મહેમદાવાદમાં ૨૭૦, મહુધામાં ૭૦૦, ઠાસરામાં ૨૧૫ અને કપડવંજમાં ૭૦૦ મળીને જીલ્લામાંથી કુલ ૨૨૫૫ લોકો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી સહિત સંબંધિત મામલતદારઓ, નાયબ મામલતદારઓ, શિક્ષકો સહિત નાગરિકો જોડાયા હતા.

# સંતરામપુરના ચિચાણી ગામની પ્રા.શાળામાં આંખ ગુમાવનાર બાળકની માતાએ શિક્ષક અને આચાર્ય સામે કાર્યવાહીની માંગ કરી

સંતરામપુર સંતરામપુર તાલુકાના ચિચાણી ગામની પ્રાથમિક શાળામાં ધો–૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ચાલુ કલાસમાં અન્ય વિદ્યાર્થીથી આંખમાં પેન્સિલ વાગી જતાં વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે વિદ્યાર્થીને શાળાના શિક્ષકોની ગંભીર બેદરકારીના કારણે ત્વરિત સારવાર નહિ મળતા બાળકની આંખને કાયમી નુકસાન થવા પામ્યુ છે. જે બાબતે બાળકની માતાએ સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ કરવા છતાં કોઈ કાર્યવાહી નહિ થતાં આખરે જિલ્લા પોલીસ વડાને લેખિતમાં અરજી અપાઈ છે.

ચીચાણી પ્રા.શાળામાં ધો–૧માં અભ્યાસ કરતા ૭ વર્ષના વિદ્યાર્થી બરજોડ કિશનને શાળામાં અન્ય વિદ્યાર્થીથી ડાબી આંખમાં પેન્સિલ વાગી જતાં કિશનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે સમયે ફરજ પર હાજર વર્ગ શિક્ષક અને આચાર્ય દ્વારા બાળકને તરત જ નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાના બદલે તેના ઘરે મુકી આવ્યા હતા. જે સમયે બાળકના મજુરી કામ કરતા માતા–પિતા બંને અન્ય શહેરમાં મજુરી અર્થે ગયા હોવાથી હાજર નહોતા. જે અંગે બંનેને જાણ થતાં તેઓ ઘરે પહોંચ્યા બાદ નાની ભુગેડી સ્થિત દવાખાને સારવાર કરાવ્યા બાદ દાહોદની દ્રષ્ટિ હોસ્પિટલમાં સારવાર કરાવી હતી. ત્યારબાદ અમદાવાદની નગરી હોસ્પિટલ તથા વી.એસ.હોસ્પિટલમાં સારવાર કરાવી હતી. તેમ છતાં બાળકની આંખ સારી નહિ થતાં બાળકે કાયમી દ્રષ્ટિ ગુમાવી હતી. જે બનાવમાં શાળાના વર્ગ શિક્ષક અને આચાર્યની ગંભીર બેદરકારીના પગલે તેમની સામે તેમજ જે વિદ્યાર્થીથી પેન્સિલ વાગી હતી તેના માતા–પિતા સામે કાર્યવાહી કરવાની માંગ બાળકની માતાએ ગોઠિબ આઉટ પોસ્ટ પોલીસ મથકમાં અરજી આપી હોવા છતાં કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. જેથી આ બાબતે બાળકની માતાએ આખરે જિલ્લા પોલીસ વડાને લેખિતમાં અરજી આપી બનાવમાં કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે.

## મહીસાગર જીલ્લામાં ૮૫ વર્ષથી વધુ વયના ૧૨૩ મતદારો અને ૩૫ દિવ્યાંગ

# મતદારોના નિવાસ સ્થાને જઈ જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા પોસ્ટલ બેલેટથી ઘરે બેઠા મતદાન કરાવશે





મહીસાગર, લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે ત્યારે મહીસાગર જીલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ સર્વગ્રાહી કામગીરી હાથ ધરાઈ છે. આ ચૂંટણી પ્રક્રિયામાં સૌથી મહત્ત્વનું પરિબળ એટલે મતદાર અને મતદાન. એવરી વોટ કાઉન્ટ્સના ધ્યેયમંત્ર સાથે મહીસાગર જીલ્લાનું ચૂંટણી તંત્ર વરિષ્ઠ અને દિવ્યાંગ લોકો, જેમના માટે મતદાન મથક સુધી પહોંચીને મતદાન કરવું મુશ્કેલ હોય, તેમને ઘરે બેઠાં મતદાન કરીને લોકશાહીના મહાપર્વમાં સહભાગી થવાની તક આપવામાં આવી રહી છે.

લોકસભા સામાન્ય ચુંટણી–૨૦૨૪ અન્વયે પંચમહાલ સંસદીય મતવિસ્તારમાં અને દાહોદ સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ મહીસાગર જીલ્લાની લુણાવાડા,બાલાસિનોર અને સંતરામપુર વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણીતંત્ર દ્વારા ૮૫ વર્ષથી વધુ વયના નાગરિકો તથા દિવ્યાંગો માટે પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

સમગ્ર જીલ્લામાં ૮૫ વર્ષથી વધુ ૧૨૩ વયોવૃદ્ધ મતદાતાઓ જયારે ૩૫ જેટલા દિવ્યાંગ મતદારોના ઘરે જઈ પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવામાં આવશે. ચૂંટણી કામગીરીમાં જોડાયેલા અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ કર્મીઓ દ્વારા સમગ્ર કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી.

લોકસભા સામાન્ય ચુંટણી–૨૦૨૪ ની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા નિર્દિષ્ટ મતદાર નાગરિકો માટે ચૂંટણીમાં ઘર આંગણે જ ટપાલ મતપત્રથી મતદાન કરવાની વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી હતી. વયોવૃદ્ધ મતદાતાઓના ઘરે પહોંચેલી ટીમ દ્વારા જે–તે મતદારને મતદાનની સંપૂર્ણ પ્રક્રિયા અંગે સમજાવવામાં આવ્યા. ત્યારબાદ તેમની પાસે મતદાન કરાવવામાં આવ્યું. જેમાં મતદાનની સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવી હતી.

# જીલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં લુણાવાડા કલેકટર કચેરી કમ્પાઉન્ડ ખાતે વૃક્ષારોપણ થકી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો




મહીસાગર, લોકસભાની સામાન્ય ચૂંટણીનું ગુજરાત રાજ્યમાં ૭ મી મે ૨૦૨૪ના રોજ મતદાન થવાનું છે. ત્યારે મહીસાગર જીલ્લામાં મહત્તમ મતદાન થાય અને આંગણે આવેલા આ લોકશાહીના અવસરમાં મતદારો ઉત્સાહભેર સહભાગી બને તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અને તેના પ્રચાર પ્રસાર માટે નવતર પહેલ સમાન કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેને વ્યાપક પ્રતિસાદ પણ મળી રહ્યો છે. ત્યારે આજરોજ જીલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારીએ વૃક્ષારોપણ કરી પેહલી વખત મતદાનનો ઉપયોગ કરનાર યુવા મતદારોને ચૂંટણીનું મહત્વ સમજાવી મતદાન અવશ્ય કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

યુવા મતદારોમાં મતદાનની નૈતિક ફરજનો ભાવ અને જુસ્સો વધે તે માટે દેશની ભાવિ પેઢી એવા યુવાઓને લોકશાહીના આ પર્વે અચૂક મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સૌ પ્રથમ વખત મતદાન કરનાર તમામ વિદ્યાર્થી મિત્રોઓએ દેશહિતમાં હું અવશ્ય મતદાન કરીશ એમ અચૂક મતદાન કરવા સંકલ્પબદ્ધ થઈ શપથ લીધા હતા. પહેલી વખત મતદાન કરનાર યુવા મતદારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. યુવા મતદારોએ વૉટ ફોર મહીસાગર આકારમાં વૃક્ષારોપણ કરી પોતાના પેહલા વોટ કરવા જવાનો ઉત્સાહ બતાવ્યો હતો. આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર સી.વી.લટા, નાયબ વન સરક્ષક નૈવિલ ચૌધરી, પ્રોબેશનલ આઈ.એ. એસ. મહેક જૈન, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી એમ.એસ.મનાત, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક સી એન ભાભોર , પ્રાંત અધિકારી આનંદ પાટીલ, જીલ્લા શિક્ષણ અધિકારી નૈલેશ મુનિયા સહિત વન વિભાગના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ શુભ રહેશે. પ્રવાસનો યોગ છે. જો કે આ પ્રવાસ સામાન્ય રીતે ફાયદાકારક રહેશે. બપોરે ઉચ્ચ અધિકારી સાથેની ચર્ચાને કારણે કાયદાકીય પક્ષ નવો વળાંક લઈ શકે છે. આજે ખર્ચ આવક કરતા વધારે છે.

વૃષભઃ આજે કાર્યક્ષેત્રમાં અધિકારી સાથે અથવા વ્યાવસાયિક ક્ષેત્રમાં બિઝનેસમેન સાથે તકરાર થઈ શકે છે. તમારી કાર્ય કુશળતાથી તમે દુશ્મનો પર જીત મેળવશો. આજે તમારા વિરોધીઓ લાખો પ્રયત્નો કર્યા પછી પણ તમને મુશ્કેલી આપી શકશે નહીં.

મિથુનઃ તમારા જીવનસાથીનો સહયોગ મળશે. વ્યાવસાયિક પ્રયત્નોથી સારું ફળ મળશે. નવા વ્યવસાયમાં આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. આજે કોઈ પ્રિય વ્યક્તિને મળવાથી અને તેની હાજરીથી તમને આનંદ થશે.

કર્કઃ દિવસ સારો છે, યુવાનો કે જેમણે હાલમાં જ પોતાની કારકિર્દી શરૂ કરી છે, તેઓને આજે તેમની ઓફિસમાં તેમની પ્રતિભા દર્શાવવાની તક મળશે. જો તમે સાહિત્ય અને કળાને પસંદ કરો છો તો તેમાં રુચિનો આજનો દિવસ છે.

સિંહઃ આજે રાજકીય કાર્યોમાં અડચણો આવશે. બપોરે કેટલાક નવા કામની રૂપરેખા બનાવવામાં આવશે. ધ્યાનમાં રાખો કે આજે તમને તમારી મહેનતના પ્રમાણમાં બમણો લાભ મળશે.

કન્યાઃ આજે તમારો અડધો દિવસ દાન કરવામાં ખર્ચ કરશો. બીજાને મદદ કરવામાં તમને જે આત્મ-સંતોષ મળે છે તેની તુલના અન્ય કોઈ આનંદ સાથે કરી શકાય નહીં. નોકરી-ધંધામાં આજે તમારી ક્ષમતા અને કાર્યક્ષમતાની પ્રશંસા થશે.

તુલાઃ નોકરી અથવા ધંધામાં નવી ટેક્નોલોજીની માહિતી તરફ આપની રુચિ વધશે. એકંદરે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. આવક અને ખર્ચની સ્થિતિ પણ સંતુલિત રહેશે. જોકે વેપારમાં ભાગીદારો તરફથી સહયોગ મળશે.

વૃશ્ચિકઃ આજે જીવનસાથી સાથે વૈચારિક મતભેદની સ્થિતિ બની શકે છે. તેથી તમારી વાણી પર નિયંત્રણ રાખો. કોઈપણ નિર્ણય લેતી વખતે ભાવનામાં વહેશો નહીં, કારણકે ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણયથી નુકસાન થશે.

ધનઃ આજે મિશ્ર ફળદાયી દિવસ છે, સમાજમાં એક સારી છબી બનાવવામાં આવશે. ચાલુ કાર્યમાં સાવચેત રહેવું. પ્રમોશન માટેની તકો મળશે. આજે બપોર પછી તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે.


મકરઃ આજે કોઈ નવી ડીલથી અચાનક ધન લાભ થશે. પત્ની અથવા કોઈ બાળકની તબિયત અચાનક બગડવાના કારણે ઘરમાં તણાવ થઈ શકે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરતી વખતે અથવા ડ્રાઈવિંગ કરતી વખતે તણાવને તમારા પર વર્ચસ્વ ના થવા દો.

કુંભઃ આજે તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણ હળવું કરી શકશો. આજે ઘણાં દિવસોથી ચાલતી મનની બેચેની શાંત થઈ જશે. તમે તમારા મનમાં આંતરિક શાંતિનો અનુભવ કરશો. વધારાની આવકના નવા સ્રોત દેખાશે.

મીનઃ કોઈ મોટી સફળતાનો આનંદ મળશે. હાથમાં મોટી રકમ મેળવવામાં સંતોષ રહેશે. બપોરે વિરોધીઓને જીતવાની પ્રબળ સંભાવના છે. આ ઉપરાંત લાંબા સમયથી અટકેલા કામ પણ આજે પૂર્ણ થશે.

# વીવીપીએટી દ્વારા દરેક મતની ચકાસણીની માંગ કરતી અરજીઓ સુપ્રીમે નકારી કાઢી; બેલેટ વોટિંગને લગતી પિટિશન પણ રદ કરી

## સિમ્બોલ લોડિંગ યુનિટ્સ સીલ કરવામાં આવે અને તેને ઓછામાં ઓછા ૪૫ દિવસ સુધી સંગ્રહિત કરવામાં આવે.



નવીદિલ્હી, સુપ્રીમ કોર્ટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) વોટની ૧૦૦ ટકા ચકાસણી વોટર વેરિફાઈએબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપીએટી) સ્લિપ દ્વારા કરવાની માંગ કરતી તમામ અરજીઓને ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે બેલેટ પેપર દ્વારા મતદાન કરાવવાની અરજીઓને પણ ફગાવી દીધી છે.સુપ્રીમ કોર્ટે બે નિર્દેશો આપ્યા છે - પહેલો એ છે કે સિમ્બોલ લોડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, સિમ્બોલ લોડિંગ યુનિટ્સ સીલ કરવામાં આવે અને તેને ઓછામાં ઓછા ૪૫ દિવસ સુધી સંગ્રહિત કરવામાં આવે. આ ઉપરાંત, બીજી સૂચના એ છે કે ઉમેદવારો પાસે પરિણામ જાહેર થયા પછી એન્જિનિયરોની ટીમ દ્વારા ઈવીએમના માઈક્રોકન્ટ્રોલર પ્રોગ્રામની ચકાસણી કરવાનો વિકલ્પ હશે. આ માટે ઉમેદવારે પરિણામ જાહેર થયાના સાત દિવસમાં અરજી કરવાની રહેશે. તેનો ખર્ચ ઉમેદવારે પોતે ઉઠાવવાનો રહેશે.

અગાઉ, બે દિવસની સતત સુનાવણી પછી, બેન્ચે ૧૮ એપ્રિલે અરજીઓ પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. જોકે, બુધવારે સુપ્રીમ કોર્ટે આ મામલાને ફરીથી લિસ્ટ કર્યો હતો. ત્યારે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસેથી કેટલીક બાબતો અંગે સ્પષ્ટતા માંગી હતી. જે બાદ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ચુકાદો અનામત રાખતી વખતે, સર્વોચ્ચ અદાલતે ટિપ્પણી કરી હતી કે તે ચૂંટણીને નિયંત્રિત કરી શકતી નથી, ન તો બંધારણીય સંસ્થા માટે નિયંત્રણ સત્તા તરીકે કામ કરી શકે છે. ખોટું કરનારને પરિણામ ભોગવવા માટે કાયદા હેઠળ જોગવાઈઓ છે. અદાલત માત્ર શંકાના આધારે આદેશ આપી શકે નહીં.કોર્ટે કહ્યું કે તે એવા લોકોની વિચાર પ્રક્રિયાને બદલી શકશે નહીં જેઓ વોટિંગ મશીનના ફાયદા પર શંકા કરે છે અને મતપત્રો પર પાછા ફરવાની હિમાયત કરે છે. આ સિવાય બુધવારે નિર્ણય અનામત રાખતી વખતે બેંચે નાયબ ચૂંટણી કમિશનર નીતિશ વ્યાસને કોર્ટમાં બોલાવ્યા હતા અને પાંચ મુદ્દાઓ પર સ્પષ્ટતા માંગી હતી. કોર્ટે કહ્યું, અમે ઈવીએમ વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો જોયા છે. અમે ત્રણ-ચાર બાબતો પર સ્પષ્ટતા ઈચ્છીએ છીએ. અમે હકીકતમાં ખોટા બનવા માંગતા નથી પરંતુ અમારા નિર્ણયની બમણી ખાતરી કરવા માંગીએ છીએ અને તેથી આ સ્પષ્ટતા માંગીએ છીએ. ખંડપીઠે જે પાંચ પ્રશ્નોના જવાબો માંગ્યા હતા તેમાં ઈવીએમમાં સ્થાપિત માઈક્રોકન્ટ્રોલર રિપ્રોગ્રામેબલ છે કે કેમ તે સામેલ છે. આના પર વ્યાસે કોર્ટને કહ્યું હતું કે ઈફસ, વોટિંગ, કંટ્રોલ અને વીવીપીએટીના ત્રણેય યુનિટમાં માઈક્રોકન્ટ્રોલર લગાવવામાં આવ્યા છે. તેઓ શારીરિક રીતે પહોંચી શકતા નથી. આ ફક્ત એક જ વાર પ્રોગ્રામ કરી શકાય છે. તેમણે કહ્યું કે, સામાન્ય રીતે ઈવીએમ મશીનોને ૪૫ દિવસ સુધી સુરક્ષિત રાખવામાં આવે છે. ચૂંટણી અરજી દાખલ કરવાના કિસ્સામાં, સમયમર્યાદા લંબાવવામાં આવે છે. વ્યાસે અગાઉ પણ ઈવીએમની કામગીરી અંગે કોર્ટને માહિતી આપી હતી.

ચુકાદો આપતા જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું કે અમે તમામ અરજીઓ ફગાવી દીધી છે. લોકશાહી તેના વિવિધ સ્તંભો વચ્ચે સુમેળ અને વિશ્વાસ પર આધારિત છે. આ અંગે કોર્ટનું વલણ પુરાવા પર આધારિત છે. ચુકાદો આપતી વખતે જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે કોઈ પણ સિસ્ટમ પર આંધળો શંકા કરવી યોગ્ય નથી. કોર્ટે વધુમાં કહ્યું કે અમારા મતે અર્થપૂર્ણ ટીકા જરૂરી છે. પછી તે ન્યાયતંત્ર હોય, ધારાસભા વગેરે હોય. લોકશાહીનો અર્થ છે તમામ સ્તંભો વચ્ચે સુમેળ અને વિશ્વાસ જાળવી રાખવો. વિશ્વાસ અને સહકારની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને આપણે આપણા લોકશાહીના અવાજને મજબૂત બનાવી શકીએ છીએ. ચુકાદો આપતી વખતે સુપ્રીમ કોર્ટે જે માર્ગદર્શિકા જારી કરી હતી. ઈવીએમમાં સિમ્બોલ લોડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, સિમ્બોલ લોડિંગ યુનિટને સીલ કરીને કન્ટેનરમાં સુરક્ષિત રાખવું જોઈએ. ઉમેદવાર અને તેના/તેણીના પ્રતિનિધિ સીલ પર સહી કરશે. એસએલયુ ધરાવતા સીલબંધ કન્ટેનર પરિણામોની ઘોષણા પછી ઓછામાં ઓછા ૪૫ દિવસ સુધી ઈવીએમ સાથે સ્ટોર રૂમમાં રાખવામાં આવશે. આને ઈવીએમની જેમ ખોલવા અને સીલ કરવા જોઈએ. તેની બીજી દિશામાં, કોર્ટે કહ્યું કે જાહેરાત પછી, વિધાનસભા મતવિસ્તાર અને સંસદીય મતવિસ્તાર દીઠ ઉત્પાદકોના એન્જિનિયરોની ટીમ દ્વારા ઈવીએમની તપાસ અને ચકાસણી કરવામાં આવશે. આ તપાસ પરિણામ જાહેર થયાના ૭ દિવસની અંદર ઉમેદવારો ૨ અને ૩ ની લેખિત વિનંતી પર થવી જોઈએ. વાસ્તવિક ખર્ચ વિનંતી કરનાર ઉમેદવાર દ્વારા ઉઠાવવામાં આવશે. જો ઈવીએમ સાથે છેડછાડ કરવામાં આવી હોય તો ખર્ચ પરત કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને વોટ સ્લિપની ગણતરી માટે ઈલેક્ટ્રોનિક મશીનના સૂચનની તપાસ કરવા જણાવ્યું હતું અને ચૂંટણી ચિન્હ સાથે દરેક પક્ષ માટે બાર કોડ હોઈ શકે છે કે કેમ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ફતેપુરાના વરદાન હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન સગર્ભા મહિલાનું મોત થતાં ડોક્ટર સહિત સ્ટાફ ફરાર

ફતેપુરા,

ફતેપુરામાં આવેલ વરદાન હોસ્પિટલ અવાર-નવાર વાદવિવાદોમાં ઘેરાતી આવેલ છે. તેમજ આ હોસ્પિટલમાં ત્રણેક મહિનાના સમયગાળામાં ચાલુ સારવાર દરમિયાન સગર્ભા મહિલાઓના મોત નીપજી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તાજેતરમાં ત્રણેક મહિના અગાઉ ફતેપુરા તાલુકાના એક ગામની મહિલાનું આજ હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાનમાં મોત નીપજવાની ઘટના સમી નથી. ત્યાંજ ફરી વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેના પગલે તબીબની લાયકાતના આધારે સારવાર કરવાની પદ્ધતિ સામે આક્ષેપ થઈ રહ્યા છે. જ્યારે મૃતક મહિલાના પરિવારજ નો ના આક્ષેપ મુજબ સગર્ભા મહિલાને ૧૬ કલાક સુધી દવાખાનામાં દવા સારવાર આપ્યા




બાદ જ્યારે તેનું મોત નીપજ્યું. ત્યારે સારવારમાં બેદરકારી રાખી છેલ્લા સમયે અન્ય દવાખાના રિફર કરવાનું વરદાન હોસ્પિટલના ડોક્ટરે જણાવી ફરાર થઈ જતા ફતેપુરા તાલુકામાં આ કિસ્સો ટોક ઓફ ધી ટાઉન બનવા પામેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના વાંગડ ગામના અશ્વિનભાઈ નારસિંગભાઈ પારગીના ગત દોઢેક વર્ષ અગાઉ ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વ ગામના મીનાક્ષીબેન સાથે લગ્ન થયા હતા.તેઓના સુખી દાંપત્ય જીવન દરમિયાન મીનાક્ષી બેનના પેટમાં પાંચ માસનો ગર્ભ ઉછરી રહ્યો હતો અને તેમની સારવાર ફતેપુરા ખાતે આવેલ વરદાન હોસ્પિટલના ડોક્ટર હિતેશ પટેલ પાસે કરાવવામાં આવી રહી હતી. આ દરમિયાન સગર્ભા મહિલાને ૨૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ વહેલી સવારે ગુપ્ત ભાગે લોહીનો પ્રવાહ ચાલુ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ફતેપુરા ખાતે આવેલ વરદાન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા અને રાત્રિના આઠેક વાગ્યાના અરસા સુધી મીનાક્ષીબેન તંદુરસ્ત હતા.તેમજ સારી રીતે વાતચીત પણ કરી શકતા હતા. ત્યારબાદ રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં ડોક્ટર હિતેશ પટેલ દ્વારા મહિલાના પતિને બોલાવીને જણાવેલ કે, તમારી પત્નીને વધુ સારવાર માટે બીજા હોસ્પિટલ ખાતે લઈ જવાની જરૂરત છે, તેમ કહીને મહિલા ને પોતાના હોસ્પિટલમાંથી અન્ય હોસ્પિટલ ખાતે ખસેડવા માટે દર્દીના પતિને ગાડીની વ્યવસ્થા કરી આપી હતી. તે વખતે આ મહિલાને ગાડીમાં બેસાડવા માટે લઈ જવા મહિલાને ઉઠાડતા આ મહિલા હાલીચાલી કે બોલી શકતી ન હતી અને શ્વાસ પણ લેતી ન હોય મહિલાના પતિને શક જતાં આ બાબતે ડોક્ટરને જાણ કરી ત્યારે તે સમયે ડોક્ટરને મહિલાનું મોત થયું હોવાની જાણ થતા ડોક્ટર સહિત દવાખાનાનો સ્ટાફ અન્ય દર્દીઓને રેઢા મૂકી ફરાર થઈ ગયા હોવાનો આક્ષેપ મૃતક મહિલાના સ્વજનો કરી રહ્યા છે.

જોકે, ઉપરોક્ત બાબતે તબીબની બેદરકારીથી મહિલાનું મોત નીપજ્યું હોવા અંગેના આક્ષેપ સાથે રાત્રિના ૧૦:૩૦ વાગ્યાના અરસામાં ફતેપુરા પોલીસ સ્ટેશનમાં જઈ મૃતક મહિલાના પતિએ લેખિત ફરિયાદ આપતા ફતેપુરા પોલીસ એકશનમાં આવી હતી. જે બાદ

> ગુરૂવાર રાત્રિના ફતેપુરા વરદાન હોસ્પિટલમાં સગર્ભા મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની અમોને જાણ થતા તાત્કાલિક અમો હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. જ્યાં મૃતક મહિલાના પરિવાર તરફથી આક્ષેપ કરવામાં આવતો હતો કે, ડોક્ટરની બેદરકારીથી મહિલાનું મોત નીપજ્યું છે. જે રજૂઆત સાંભળતા અમોએ લાશનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી બાદ લાશને પી.એમ. માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપી છે. હાલ જે ઘટના બની છે તે કેવી રીતે બની છે, તે કહી શકાય નહીં.પી.એમ. રિપોર્ટ આવ્યા બાદ સાચી હકીકત બહાર આવી શકે.
> જે.બી.તડવી, પી.એસ.આઇ,ફતેપુરા પોલીસ સ્ટેશન

ઘટનાની ગંભીરતા સમજીને ફતેપુરા પોલીસ મથકના પી.એસ.આઈ દ્વારા તાત્કાલિક પગલાં લઈ ફતેપુરા પોલીસ સ્ટાફના માણસોને સાથે રાખીને તેમજ ફતેપુરા મામલતદારની ટીમ સાથે હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.અને લાશનું પંચનામુ કરીને લાશને પી.એમ. માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપી ફરાર ડોક્ટરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે. તેમજ હાલ ફતેપુરા પોલીસે જાણવા જોગ નોંધ લઈ મૃતક મહિલાના મોતનુ કારણ જાણવા આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

**સારવાર દરમિયાન મહિલાનું મોત થતા વરદાન હોસ્પિટલના ડોક્ટર સહિત સ્ટાફ ફરાર થયો:અન્ય ડોક્ટર દ્વારા સારવાર કરવામાં આવી**

નોંધનીય બાબત છે કે, ફતેપુરાના વરદાન હોસ્પિટલના ડોક્ટર હિતેશ પટેલ દવાખાનામાં અન્ય દાખલ દર્દીઓને મૂકીને સ્ટાફ સાથે ફરાર થઈ જતા દવાખાનામાં દાખલ દર્દીઓની માવતર હોસ્પિટલના તબિયત ડોક્ટર ગૌરવ બરજોડ દ્વારા સારવાર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.અને જરૂર જણાય તો પોતાને કોઈ પણ સમયે કોન્ટેકટ કરવા અને સમયસર સારવાર મેળવવા દર્દીના સગાઓને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# દાહોદમાં હરિદ્વાર-વલસાડ એકસપ્રેસમાં ઉતરેલા મુસાફર પાસેથી ૨૭ લાખની રોકડ મળી



દાહોદ,

અંકલેશ્વર રેલવે સ્ટેશન પર આવેલી હરિદ્વાર વલસાડ એકસપ્રેસમાંથી ઉતરેલાં ઇસમ પાસેથી ૨૭ લાખ રોકડા મળતાં તંત્રમાં દોડધામ મચી હતી. પ્રાથમિક પૂછપરછમાં રોકડ રકમ સાથે ઝડપાયેલાં ઇસમે પોતે દાહોદમાં પાન-સોપારીનો વેપારી હોવાની અને અંકલેશ્વરના વેપારીને પૈસા આપવા આવ્યો હોવાની કેફિયત રજૂ કરી છે, પણ તંત્રે તેની અટકાયત કરી છે.

ગુજરાતમાં ૭મી મેના રોજ થનારી લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરાઇ ગયાં બાદ હવે નાણાકીય હેરાફેરી હોવાથી અંકલેશ્વરના વેપારીને ૨૭ લાખ રૂા. આપવાના હોવાથી અંકલેશ્વર આવ્યો હોવાની કેફિયત રજૂ કરી હતી. જો કે રેલવે પોલીસે તેની પાસે રૂપિયાના સચોટ પુરવા માંગતાં નહીં મળતાં શંકાના આધારે ૪૧(૧)ડી હેઠળ કાર્યવાહી કરી હતી.

> **મુખ્ય માર્ગો પર પોલીસની ઘોંચ વધતાં ટ્રેનમાં નાણાકીય હેરાફેરી...**
>
> લોકસભાની ચૂંટણીને અનુલક્ષી સ્ટેટિક સર્વેલન્સ ટીમની સાથે પોલીસ પણ વાહન ચેકિંગ કરી રહી છે. ગુરૂવારે સવારે વડોદરાના તરસાલી પાસે એક કાર માંથી ૧૩ લાખની રોકડ મળી આવી હતી. આ ઘટનાના કલાકો બાદ અંકલેશ્વર સ્ટેશન પરથી દાહોદનો વેપારી યોગેશ પ્રિતમાણી ૨૭ લાખની રોકડ સાથે પોલીસના હાથ લાગ્યો હતો. ભરૂચ રેલવે પોલીસે વેપારીની પૂછપરછ કરી રહી છે, પણ તે ૨૭ લાખ રૂપિયા તેના જ હોવાનું રટણ કરી રહયો છે. ચૂંટણીને અનુલક્ષી સઘન વાહન ચેકિંગના કારણે લોકો હવે લાખો રૂપિયાની માતબર રકમ લઈને ટ્રેનમાં ફેરાફેરી કરી રહ્યાં છે. દાહોદનો વેપારી ૨૭ લાખ પોતાના હોવાની કબૂલાત કરી રહ્યો છે ત્યારે આ રૂપિયા ક્યાંથી લાવ્યા કોને પહોંચાડવાના હતાં તેની તપાસ બાદ જ વધુ ખુલાસા થશે.

> **ઇન્કમટેક્સને જાણ કરાઈ...**
>
> ચૂંટણીનું જાહેરનામુ બહાર પડતાંની સાથે કોઇ પણ વ્યકતિ પોતાની પાસે ૫૦ હજારથી વધુની રોકડ રકમ રાખી શકશે નહિ અને રાખશે તો તેના પુરાવા આપવા હોવાથી અંકલેશ્વરના વેપારીને ૨૭ લાખ રૂા. આપવાના હોવાથી અંકલેશ્વર આવ્યો હોવાની કેફિયત રજૂ કરી હતી. જોકે, રેલવે પોલીસે તેની પાસે રૂપિયાના સચોટ પુરવા માંગતાં નહીં મળતાં શંકાના આધારે ૪૧(૧)ડી હેઠળ કાર્યવાહી કરી હતી.

# દાહોદ જીલ્લાના વાતાવરણમાંપલ્ટો, વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટા પડ્યા



દાહોદ,

હાલમા ઉનાળાની સિઝન ચાલી રહી છે. ગરમીનો પારો ૪૧ ડીગ્રીને પાર થઈ રહ્યો છે. ત્યારે આજે શુક્રવારે વહેલી સવારથી વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો છે. સમગ્ર દાહોદ જીલ્લામા આજે વાદળછાયું વાતાવરણ છવાઈ ગયું છે. સાથે વિજળીના કડાકા સાથે વરસાદી ઝાપટુ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ છે અને હાલ ઉનાળાની ઋતુમાં ધોમધખતા તાપમાંથી લોકોને થોડીક રાહત મળી છે.

જો કે, વરસાદી વાતાવરણ થઈ જતાં ખેડૂતો ચિંતિત બન્યા છે અને વરસાદી ઝાપટાના કારણે ખેડુતોના પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે, જ્યારે બેવડી ઋતુના કારણે રોગચાળો વકરે તેવી શક્યતા છે.

હાલ એપ્રિલ મહિનામા રાજ્યભરમાં હીટવેવની અસર શરૂ થતાં ગરમીનો પારો ૪૧ ડીગ્રીની સપાટીએ પહોંચી ગયો છે. આજે વહેલી સવારથી દાહોદ શહેર સહિત જીલ્લામાં વાદળછાયું વાતાવરણ છવાયું હતું અને સવારના સમયે ૬:૩૦ વાગ્યે દાહોદ શહેરમા કમોસમી વરસાદી ઝાપટુ પડ્યું હતું. વરસાદ વરસતા લોકોએ ઉનાળાની કાળઝાળ ગરમીમાં આંશિક રાહત મેળવી હતી.

# ઝાલોદ બસ સ્ટેશનની અંદર મતદાન જાગૃતિ અંગે નાટકીય રીતે રજૂઆત કરવામાં આવી




દાહોદ,

દાહોદ જિલ્લા ચુંટણી અધિક્ષક દ્વારા મતદાન વધુમાં વધુ થાય અને કોઈ પણ વ્યકિત મતદાન થી વંચિત ન રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. દાહોદ જિલ્લા ચૂંટણી અધિક્ષકના આદેશથી ઝાલોદ ચુંટણી નિયામક દ્વારા એક મતદાન જાગૃતિ અંગેનો પ્રોગ્રામ ઝાલોદ નગરના બસ સ્ટેશનની અંદર ભવાઈ (નાટકીય) દ્વારા સુંદર રજુઆત કરવામાં આવી હતી. નાટકીય રીતે રંગલો રંગલી દ્વારા બસ સ્ટેશનની અંદર મતદાન કરવા અંગે લોકોને સમજ આપવામાં આવી હતી. આવનાર લોકસભાની ચૂંટણી ગુજરાતમાં ૭ મેં ના રોજ યોજવામાં આવનાર છે. મતદાતાઓ મતદાન વધુમાં વધુ કરે તે માટે લોકોમા જાગૃતિ આવે તે માટે વિવિધ પ્રોગ્રામ દાહોદ ચુંટણી અધિકારીના આદેશ મુજબ કરવામાં આવી રહેલ છે.

મતદાન જાગૃતિની સાથે સાથે તારીખ ૦૭-૦૫-૨૦૨૪ના રોજ ૧૮ વર્ષની ઉપરના કોઈ પણ વ્યક્તિ જેની નોંધ મતદાતા તરીકે થયેલ છે, તે વ્યક્તિ પોતાના સ્કૂલ કે સરકાર દ્વારા જ્યાં મતદાન સ્થળ નક્કી કરવામાં આવેલ હોય ત્યાં જઈ વીવીપેટ મશીન પર ઉમેદવાર જોઈ જેને મત આપવાનો હોય તેવા ઉમેદવાર સામેનુ બટન દબાવી મત આપવાનો રહે છે. ચુંટણી અધિકારી દ્વારા વિકલાંગ અથવા વૃદ્ધ મતદારો જે ચાલી ના શકતા હોય તે માટે વિશેષ સુવિધાઓ પણ કરવામાં આવેલ છે. લોકશાહીનો મોટામાં મોટો ઉત્સવ એટલે મતદાન....દરેક જાગૃત વ્યક્તિ પોતે મતદાન કરે અને આજુબાજુના દરેક વ્યક્તિ પાસે મતદાન કરાવી લોકશાહીનો કાળો ટીકો પોતાની આંગળી પર જરૂર લગાવડાવે. સૌથી મોટું દાન એટલે મતદાન સાથે સુંદર ભવાઈ દ્વારા સુંદર નાટક રજુ કરાયું હતું.

# દે. બારીયા શહેરમાં ટાવર પાસે નાગરિકોને મતદાન કરવા પ્રોત્સાહિત કરવા જાગૃતી સાથે આહ્વાન કરાયો




દે.બારીયા,

દે.બારીયા શહેરનો ચોથી જાગીર નાક સમાન ટાવર પાસે મતદારોની સહભાગીતા વધે તેના પ્રયાસો દે.બારીયા તાલુકાના ચુંટણી અધિકારી અને પ્રાંત જયોતિબા ગોહિલના અધ્યક્ષતામાં હું અવશ્ય મતદાન કરીશ તેના સંકલ્પ સાથે મતદાન કરશે. દે.બારીયા રંગોલીમાં લખાણમાં દર્શાવી આઈ.સી.ડી.એસ. વિભાગના કર્મચારીઓના દ્વારા આકર્ષક રંગોલી બનાવી હતી. જે અંતર્ગત દે.બારીયા નગર પાલિકા વિસ્તારમાં મતદારોની વધુમાં વધુ સહભાગીના માટે તા.૨૬/૦૪/૨૦૨૪ શુક્રવારે ૧૦.૩૦ કલાકે સભાનું આયોજન રાખવામાં આવ્યો હતો. જેમાં મધ્યાહન ભોજનના સંચાલક મિત્રો આઈ.સી.ડી.એસ. વિભાગ બાલવાડી કર્મીઓ તથા સસ્તા અનાજની દુકાનદારો તથા શહેરની પ્રા.શાળાના બી.એલ.ઓ. વેપારી ભાઈઓ ૧૦ મીનિટ દેશ માટે લોકસભા ચુંટણીમાં મતદાન માટે મતદારોએ પ્રતિજ્ઞા લીધા હતા. જેમાં નગર પાલિકાનું ઓફિશીયલી સ્ટાફ પ્રાંત કચેરીનો સ્ટાફ નાયબ મામલતદાર, પુરવઠા વિભાગ શીરસ્તેદાર તથા શકિતસિંહ મતદાનના દિવસ એટલે આગામી સમયમાં આપણા દેશમાં લોકશાહીનો સૌથી મોટો તહેવાર એટલે લોકસભા ચુંટણીનો અવસર આવી રહ્યો છે. મતદાનના દિવસે અવશ્ય મતદાન કરીને આ વખતે તૈયારી અમારી તૈયારી અમારી કરીશું. મતદાનમાં મોટી ભાગીદારી વ્યવસ્થતા માંથી થોડો સમય જરૂરથી સહકુટુંબ મતદાન કરીશું તે માટે પ્રેરિત કરાયા હતા.

# ઝાલોદના લીમડી કારઠ રોડ બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી ૧.૭૫ લાખની ચોરી કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરના કારઠ રોડ પર ત્રાટકેલા તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી બંધ મકાનના દરવાજાનું તાળું તોડી મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ તેમજ દુબઈના ધિરામ વગેરે મળી રૂપિયા ૧.૫૭ લાખની મત્તા ચોરીને લઈ ગયાનું પોલીસ વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે.હાલ લગ્નસરાની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે ઘણા પરિવાર જનો લગ્ન પ્રસંગમાં જવા માટે પોતાના મકાનોને લોક મારી જતા હોય છે. ત્યારે આવા સમયે તસ્કરોને મોકલું મેદાન મળી રહ્યું છે અને આવા બંધ મકાનોને નિશાન બનાવી ચોરીને અંજામ આપી તસ્કરો ફરાર થઈ જતા હોય છે ત્યારે આવો જ એક બનાવ સામે આવ્યો છે. જેમાં ઝાલોદના લીમડી નગરના કારઠ રોડ પર ગત તારીખ ૧૮-૦૪- ૨૦૨૪ થી તારીખ ૨૨-૦૪ -૨૦૨૪ દરમિયાનના સમયગાળામાં ત્રાટકેલા તસ્કરોએ કારઠ રોડ પર રહેતા અને દરજી કામ કરતા ૫૨ વર્ષીય રાકેશભાઈ ચંદ્રકાંતભાઈ દરજી તથા તેમના પરિવારજનો લગ્ન પ્રસંગમાં જવા માટે પોતાના મકાનને બંધ કરી લગ્ન પ્રસંગમાં ગયા હતા. તસ્કરોએ તેઓના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. અને તે બંધ મકાનના દરવાજાનું તાળું કોઈ હથિયાર વડે તોડી મકાનમાં પ્રવેશ્યા હતા અને મકાનમાં કબાટ તથા તિજોરીમાં મૂકી રાખેલ રૂપિયા ૮૭,૦૦૦/- ની કુલ કિંમતના સોના- ચાંદીના દાગીના તથા રૂપિયા ૭૦ હજારની રોક્ડ રકમ તેમજ દુબઈના ૯૦ ધિરામ મળી કુલ રૂપિયા ૧.૫૭ લાખની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ઘરફોડ ચોરીનો ભોગ બનેલા લીમડી નગરના કારઠ રોડ પર રહેતા રાકેશભાઈ ચંદ્રકાંતભાઈ દરજીએ લીમડી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્કોડ તથા એફએસએલની મદદની માગણી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં લોકસભાની ચુંટણીને તંત્ર સજ્જ

દાહોદ,

દાહોદ જીલ્લામાં લોક્સભાની ચૂંટણીને લઈ તંત્ર સજ્જ છે. મતદાન મથકોને લઇને પણ તૈયારીઓ અંતિમ ચરણમાં ચાલી રહી છે. આ માટે અંતરિયાળ વિસ્તારમાં કેટલાક પડકારનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાને લઈને પણ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલે તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જોકે, કેટલાક વિસ્તારોમાં ચૂંટણીને વખતે કેટલાક પડકારોને પણ તંત્રએ ઝીલવાના છે. જેમાંનો એક પડકાર શેડો એરિયાની સમસ્યાનો છે. દાહોદ જીલ્લામાં ક્યાંક જંગલ વિસ્તાર છે તો ક્યાંક ડુંગરાળ વિસ્તાર પણ છે. આવા સ્થળોએ મોબાઇલ ફોનના નેટવર્કનો અભાવ છે. જેથી લોકસભાની ચુંટણી દરમિયાન આવા જંગલ વિસ્તાર કે ડુંગરાળ વિસ્તારમાં મતદાન મથક ઉપરથી મતદાનના આંકડા મેળવવા તેમજ અન્ય કોઈ પણ માહિતી મેળવવી હોય કે સંદેશો પહોંચાડવો હોય તો સમસ્યા સર્જાઈ શકે છે. જેથી જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવા મતદાન મથકોને અલગ તારવવામાં આવ્યા છે. દાહોદ ચૂંટણી પંચે આવા મતદાન મથકોની અલગ યાદી તૈયાર કરી તેમને શેડો એરીયામાં સ્થાન આપ્યું છે. જોકે, અહીં સૌથી મોટા પડકાર પૈકી એક મોબાઈલ નેટવર્કનો સામે આવ્યો છે. જીલ્લાના ૧૪ ગામના મતદાન મથકો ઉપર મોબાઈલ ટાવરનું નેટવર્ક નહીં હોવાને કારણે તેમને વાયરલેસ સિસ્ટમથી સજ્જકરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે.

વાયરલેસ સેટ ઉભા કરવા માટે એક અલગ ચેનલ બનાવવી પડશે. આ ચેનલનો નંબર અપાશે તેની ઉપરથી જ માહિતીની આપ-લે થશે. શેડો એરિયામાં મતદાન મથકે મુકવામાં આવેલા વાયરલેસ સેટ પોલીસ કંટ્રોલરૂમ અને ચૂંટણીના કંટ્રોલરૂમ સાથે કનેક્ટ હશે. ચૂંટણીના કંટ્રોલરૂમમાં પણ વાયરલેસ સેટ હેન્ડલ કરવા માટે એક ઓપરેટર બેસાડવો પડશે.ફતેપુરા તાલુકાના ગઢરા-૧ અને ગઢરા-૨ સાથે લીમખેડા તાલુકાનું સુરપુર-૧, સુરપુર-૨, આંબલિયા, મંડર-૧, મંડર-૨, સરજુમી-૧, સરજુમી-૨, કટારાની પાલ્લી, પામીવેલા, હીરાપુર, ફોફણ અને જાલિયાપાડામાં મોબાઈલ નેટવર્કની સમસ્યા હોવાને કારણે અહીં વાયરલેસ સેટ અને વોકીટોકીથી ચૂંટણીની કામગીરી પાર પાડવામાં આવશે.

# સિંગવડના હાંડી ગામે પારકી પરણેતરના ફોટા રાખનાર ઈસમને મારમારતાં ગંભીર ઈજાઓ

દાહોદ,

પારકી પરણેતરના ફોટા રાખવાના મામલે દાહોદ જીલ્લાના સિંગવડ તાલુકાના હાંડી ગામે થયેલ ઝઘડામાં પારકી પણેતરના ફોટા રાખનાર ઇસમને લોખંડની પાઇપ તથા ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લાના સિંગવડ તાલુકાના હાંડી ગામે પરમાર ફળિયામાં રહેતા છગનભાઈ પ્રતાપભાઈ બારીયા ગત તારીખ ૨૧/૦૪/૨૦૨૪ના રોજ રાત્રિના ૧૧:૦૦ વાગ્યાના સુમારે લગ્નમાં જઈ રહ્યા હતા. તે વખતે તેના જ ગામના બારીયા ફળિયાના શાંતુભાઈ વેલજીભાઈ બારીયા, નરેશભાઈ શાંતુભાઈ બારીયા, નારણભાઈ શાંતુભાઈ બારીયા તથા મંગળભાઈ શાંતુભાઈ બારીયા વિગેરેએ છગનભાઈ બારીયાને પોતાના ઘરે બોલાવી નારણભાઈ શાંતુભાઈ બારીયાએ ગાળો આપી, મારી પત્નીના ફોટા તું કેમ રાખે છે ? તેમ કહેતા એકદમ ઉસકેરાઈ ગયેલ શાંતુભાઇ વેલજીભાઈ બારીયાએ છગનભાઈ બારીયાના જમણા હાથે કોણીના ભાગે લોખંડની પાઈપ મારી કોણી માંથી હાથ ભાંગી નાખી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે નરેશભાઈ બારીયા, નારણભાઈ બારીયા તથા મંગળભાઈ બારીયાએ ભેગા મળી છગનભાઈ બારીયાને ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી ચારે બાપ બેટાઓએ ભેગા મળી છગનભાઈ બારીયાને જાનથી મારી નાખવાની ધાકધમકીઓ આપી હતી.

આ સંબંધે હાંડી ગામના પરમાર ફળિયામાં રહેતા ગંભીર ઈજાગ્રસ્ત છગનભાઈ પ્રતાપભાઈ નોંધાવેલી ફરિયાદને આધારે રંધીકપુર પોલીસે હાંડી ગામના બારીયા ફળિયામાં રહેતા શાંતુભાઇ વેલજીભાઈ બારીયા તથા તેમના ત્રણ દીકરા નરેશભાઈ શાંતુભાઈ બારીયા, નારણભાઈ શાંતુભાઈ બારીયા તથા મંગળભાઈ શાંતુભાઈ બારીયા વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.208

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પંચમહાલ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ડમી ઉમેદવારે કોંગ્રેસ માંથી રાજીનામા બાદ અમિત શાહની હાજરીમાં સમર્થકો સાથે ભાજપમાં જોડાશે



ગોધરા,
પંચમહાલ લોકસભાની ચુંટણી પહેલા શહેરા વિધાનસભા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર દુષ્યંતસિંહ ચૌહાણ જે કોંગ્રેસ માંથી ડમી ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ અચાનક કોંગ્રેસ પક્ષ માંથી રાજીનામું ધરી દીધું હતું. તેવા દુષ્યંતસિંહ ચૌહાણ તેમના સમર્થકો સાથે કરેલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહની હાજરીમાં ભાજપમાં જોડાશે.પંચમહાલ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસ પાર્ટીના ડમી ઉમેદવાર દુષ્યંતસિંહ ચૌહાણે ફોર્મ ભર્યું હતું. એવા કોંગ્રેસના શહેરા તાલુકાના દુષ્યંતસિંહ ચૌહાણે અચાનક તેની પત્ની રશ્મિતા ચૌહાણ સહિતના કાર્યકરો સાથે કોંગ્રેસ પાર્ટી માંથી રાજીનામું આપ્યું હતું. પંચમહાલ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારના પ્રચાર માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવવાના હોય ત્યારે અમિત શાહની હાજરીમાં કોંગ્રેસ માંથી રાજીનામું ધરી દેનાર દુષ્યંતસિંહ ચૌહાણ જે ૭૦ સમર્થકો સાથે ભાજપમાં જોડાનાર છે. ત્યારે પંચમહાલ બેઠક ઉપર ઓબીસી મતદારોને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા પંચમહાલ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ડમી ઉમેદવારોનો ખેલ પાડવામાં આવ્યો.

## વડોદરા મધ્યસ્થ જેલમાંથી પેરોલ પર ફરાર મોરવા(હ)ના હત્યાના આરોપીને પોલીસે ઝડપ્યો

ગોધરા,
મોરવા(હ)પોલીસ મથક ખાતે વર્ષ-૨૦૨૧માં ખુનનો ગુનો નોંધાયો હતો. જેમાં વિક્રમ અંબાલાલ મછારને પોલીસે આરોપી તરીકે ઝડપી પાડી જે તે વખતે નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા આરોપીને ૧૦ વર્ષની કોર્ટની સજા ફટકારી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાનો હુકમ કર્યો હતો. ત્યારે આરોપી પાકા કામના કેદી તરીકે વડોદરા મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવી રહ્યો હતો. જેને પેરોલ રજા મળતા મુકત કરવામાં આવ્યો હતો ત્યારે આરોપી પેરોલ રજા પુર્ણ થયા બાદ પણ પરત જેલ ખાતે હાજર નહિ થતાં ફરાર થઈ ગયો હતો. જે મામલે મોરવા(હ)પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાં ગોધરા પેરોલ ફર્લો સ્કવોર્ડના પોલીસ સબ ઈન્સ્પેકટર ભાવિન એમ.રાઠોડને ખાનગી બાતમી મળી હતી કે, ઉપરોકત ફરાર આરોપી હાલ સૈયદપુર તા.ભુજ જિ.કચ્છ ખાતે રહી મજુરી કામ કરી રહ્યો છે. જેથી ગોધરા પેરોલ ફર્લો સ્કવોર્ડ પોલીસ સ્ટાફ દ્વારા બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોકત આરોપી મળી આવ્યો હતો. જેને પોલીસે ઝડપી પાડી વધુ સજા ભોગવવા માટે વડોેરા મધ્યસ્થ જેલમાં મોકલી આપવા માટે આગળની કાર્યવાહી હાથ ધરવા મોરવા(હ)પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

## જાંબુઘોડા નારૂકોટા ગામે ખેતર માંથી ૧.૫૩ લાખના લીલાં ગાંજાના જથ્થા સાથે આરોપીને એસ.ઓ.જી.પોલીસે ઝડપ્યો



જાંબુઘોડા,
જાંબુઘોડાના નારૂકોટા ગામે ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરવામાં આવેલ છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી ૧૫.૩૫૦ કિલો ગ્રામ ગાંજાના જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ એસ.ઓ.જી.પોલીસને બાતમી મળી હતી કે, જાંબુઘોડાના નારૂકોટા ગામે સરપંચ ફળીયામાં રહેતા મનહરભાઈ પોપટભાઈ રાઠવાએ પોતાના ભોગવટાના ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી ચોકકસ બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ખેતર માંથી ૬ નંગ લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. જેનું વજન કરતાં ૧૫.૩૫૦ કિલો ગ્રામ કિંમત ૧,૫૩,૫૦૦/- રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી મનહર રાઠવાને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા ગીદવાણી રોડ શાંતિ પ્રકાશ હોલ પાસે વેપારીએ પાર્ક કરેલ ઈકો ગાડીમાં બેગ ચોરીમાં રોકડ સહિત અનેક આધાર-પુરાવાની ચોરીની ફરિયાદ

ગોધરા,
ગોધરા શહેરના ગીદવાણી રોડ શાંતિ પ્રકાશ હોલની બાજુમાં ફરિયાદીએ પોતાની ઈકો ગાડી મુકીને સામાન લેવા ગયેલ હોય ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ગાડીમાંથી બેગની ચોરી કરતા આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, બેંક એટીએમ, ચેકબુક તેમજ રોકડ ૯૫,૦૦૦/-રૂપિયાની ચોરી કરી જતાં આ બાબતે બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરના ગીદવાણી રોડ ખાતે દરગારામ આસારામ કુમાવત(રહે.વિરણીયા ચોકડી, લુણાવાડા)પોતાની ઈકો ગાડીમાં સરસામાન ખરીદવા આવ્યા હતા. અને શાંતિ પ્રકાશ હોલ પાસે ઈકો ગાડી પાર્ક કરીને સામાન લેવા ગયા હતા ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ઈકો ગાડીમાંથી બેગની ચોરી કરી હતી. ચોરી કરેલ બેગમાં દરગારામ આસારામ કમાવત, મંજુબેનના આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ, ગાડીની આરસીબુક, લાયસન્સ, બેંકનુ એટીએમ, ચેકબુક, ગેસની ચોપડી, અને ત્રણ બાળકોના આધારકાર્ડ તેમજ રોકડ ૯૫,૦૦૦/-રૂપિયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી હતી.

## કાલોલ તાલુકાના ખરસાલીયા ગામે છોકરી ભગાડી જવાની અદાવતે ૧૩ આરોપીના ટોળા દ્વારા તોડફોડ કરી ૭૦ હજારનુ નુકસાન કરતા ફરિયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના ખરસાલીયા ગામે રહેતા ફરિયાદીનો છોકરો ફળિયામાં રહેતા આરોપીની છોકરીને ભાગડી ગયેલ હોય તેની અદાવત રાખી મારી નાંખવાની અને ઘર સળગાવી નાંખવાની ધમકીઓ આપેલ હતી. અને આરોપીના કહેવાથી અન્ય આરોપીઓ સાથે ૧૨ ઈસમોએ રાત્રિના સમયે ઘરે આવી બુમો પાડી ઘરના દરવાજા તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં સરસામાનની તોડફોડ કરી ૭૦ હજારનુ નુકસાન કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ તાલુકાના ખરસાલીયા ગામે યોગેશ્વર મંદિર ફળિયામાં રહેતા ફરિયાદી ઝવરસિંહ ગુલાબસિંહ સોલંકીનો છોકરો રાહુલકુમાર ફળિયામાં રહેતા આરોપી દિલીપસિંહ મોહનસિંહ સોલંકીની છોકરી ભગાડી ગયેલ હોય જેની અદાવત રાખીને દિલીપસિંહ સોલંકીએ જાનથી મારી નાંખવાની તેમજ ઘર સળગાવી નાંખવાની ધમકી આપી હતી. દિલીપસિંહ સોલંકીના કહેવાથી અન્ય ૧૧ જેટલા આરોપી ઈસમો સાથે મળીને રાત્રિના સમે ઝવરસિંહ સોલંકીના ઘરે આવી બુમો પાડી તેમજ ઘરનો દરવાજો તોડીને પ્રવેશ કરી અને આરોપી ઈસમોએ મારક હથિયારો સાથે ઘરમાં રાખેલ સરસામાન, તિજોરી, પલંગ, ટી.વી., પાણીના પીપ, લોખંડના ખાટલા તેમજ પતરાની તોડફોડ કરી હતી. આરોપી ઈસમોએ ઘરના આંગણામાં પાણીની પાઈપ કાપી નાંખી વીજ મીટરની તોડફોડ કરી ૭૦ હજાર રૂપિયાના સરસામાનની તોડફોડ કરી નુકસાન કર્યુ હતુ. આ બાબતે વેજલપુર પોલીસ મથકે દિલીપસિંહ સોલંકી, કિશનકુમાર દિલીપસિંહ સોલંકી સહિત ૧૩થી વધુ ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા-દાહોદ હાઈવે નંદાપુરા ઓવરબ્રિજ પાસે કાર ચાલકે રાહદારીને ટકકર મારતા ઘટના સ્થળે મોત

ગોધરા,
ગોધરા-દાહોદ હાઈવે નંદાપુરા ઓવરબ્રિજ કેવડીયા ગામે ફોર વ્હિલ ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી રાહદારીને અડફેટે લઈ ટકકર મારતા શરીરે ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નીપજાવી ફોર વ્હિલ ચાલક નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા-દાહોદ હાઈવે નંદાપુરા ઓવરબ્રિજ પાસે કેવડીયા ગામે રોડ સાઈડમાંથી ફતેસિંહ ઉર્ફે રતીલાલ મણીલાલ શિકારી ચાલતા જતા હોય દરમિયાન ફોર વ્હિલ ગાડી નં.જીજે-૩૬-એપી-૮૬૪૦ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી રાહદારી ફતેસિંહ ઉર્ફે રતીલાલ શિકારીને અડફેટમાં લેતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે કાર ચાલક નાસી છુટ્યો હતો. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## શહેરા વાઘજીપુર પેટ્રોલપંપ પાસે એક્ટિવા સ્લિપ ખાઈ જતાં ૩૩ વર્ષિય ચાલક યુવાનનુ ઘટના સ્થળે મોત

શહેરા,
શહેરા તાલુકાના વાઘજીપુર પેટ્રોલપંપ નજીક રોડ ઉપરથી પસાર થતાં એક્ટિવા ચાલક પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી રોડ ઉપર સ્લિપ ખવડાવી દેતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ ઉપર મોત નીપજયું હતુ. જયારે પાછળ બેઠેલ વ્યકિતને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના વાઘજીપુર પેટ્રોલપંપ નજીક રોડ ઉપરથી પસાર થતી એકિટવા નં.જીજે-૧૭-બીકયુ-૫૬૭૯ના ચાલક શૈલેષભાઈ રૂપસિંહ બારીયા(ઉ.વ.૩૩)એ પુરઝડપે પોતાનુ વાહન હંકારતા હોય અને રોડ ઉપર સ્લિપ ખાઈ જતાં ચાલક શૈલેષભાઈ બારીયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે પાછળ બેઠેક સક્ષમ કુમાર જશવંતસિંહ બારીયાને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં ગોધરા સહિત તમામ તાલુકામાં અચાનક વાતાવરણ આવેલ પલ્ટા સાથે કમોસમી વરસાદ પડતા ગરમીથી આંશિક રાહત





ગોધરા,
પંચમહાલ જીલ્લામાં ઉનાળાની આકરી ગરમીથી લોકો પરેશાન થઈ રહ્યા છે. તેની વચ્ચે આજરોજ ગોધરા સહિત તમામ તાલુકાઓમાં વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. કાળ ડીંબાગ વાદળોની ફોજ વચ્ચે વરસાદી માહોલ વચ્ચે કમોસમી વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જયારે બીજી તરફ કમોસમી વરસાદના કારણે ઉનાળું પાકો તેમજ કેરીને નુકશાનની ભીંતિ સેવાઈ રહી છે.

પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧૧ વાગ્યા પછી રાજય હવામાન વિભાગની આગાહી મુજબ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. ભરઉનાળામાં વરસાદી માહોલ જોવા મળ્યો. કાળા ડીંબાગ વાદળોની અને પવન સાથે કમોસમી વરસાદ જીલ્લાના તમામ તાલુકાઓમાં પડયો હતો. અચાનક વાતાવરણમાં આવેલ પલ્ટા અને કમોસમી વરસાદથી આકરી ગરમીથી આંશિક રાહત અનુભવાઈ હતી. જયારે બીજી તરફ ખેતરોમાં ઉભા ઉનાળું પાકો અને કેરીના પાકને કમોસમી વરસાદથી નુકશાન થવાની શકયતા ખેડુતો વ્યકત કરી રહ્યા છે. પંચમહાલ જીલ્લાના નુકશાન થવાની શકયતા ખેડુતો વ્યકત કરી રહ્યા છે. પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નસરાની મોસમ ચાલતી હોય તેવા લગ્ન પ્રસંગોમાં કમોસમી વરસાદને લઈ દોડધામ મચી જવા પામી હતી. લગ્ન પ્રસંગોમાં લાગેલ મંડપો તેમજ ગાદલાં સહિતની સામગ્રી પલળી ગયા હતા. ગોધરા સહિત જીલ્લામાં પડેલ કમોસમી વરસાદને લઈ હાઈવે રોડ અને બજારમાં નિકળેલ લોકો વરસાદથી બચવા માટે ઝાડ અને છાપરા નીચે આશય લેતા જોવા મળ્યા હતા. જીલ્લામાં વરસાદી ઝાપટા બાદ તાપ નિકળતા લોકો ઉકળાટ અનુભવ્યો હતો.

પંચમહાલના કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા વિસ્તારમાં બે દિવસથી પડતી આકરી ગરમીથી લોકો પરેશાન હતા વચ્ચે આજરોજ પડેલ કમોસમી વરસાદથી ગરમીમાં રાહત અનુભવી હતી. જ્યારે બીજી તરફ ખેડુતોના ખેતરોમાં મકાઈનો પાક ખુલ્લામાં પડેલ હોય જેને લઈ ખેડુતો મુશ્કેલીમાં મુકાયા હતા અને ખુલ્લામાં પડેલ મકાઈના પાકને વરસાદથી પલળતો બચાવવા અને ઢાંકવા માટે દોડાદોડી કરતા જોવા મળ્યા.

## વેજલપુરમાં લોક દરબારમાં ગ્રામ પંચાયત સભ્ય દ્વારા પત્રકારો ઉપર ખોટા આક્ષેપો કરતા વેજલપુરના પત્રકારો દ્વારા ટીડીઓને આવેદન આપ્યું : ગેરલાયક ઠેરવવાની માંગ



કાલોલ,
કાલોલ તાલુકાના વેજલપુર ગામે ગત તા ૨૨/૦૪ નારોજ ડી.વાય.એસ.પી. હાલોલ દ્વારા યોજાયેલ લોક દરબાર કાર્યક્રમમાં વેજલપુરના ગ્રામજનો, ગ્રામ પંચાયતના સભ્યો,તાલુકા પંચાયતના સભ્ય હાજર રહ્યા હતા.તે સમયે વેજલપુર ગ્રામ પંચાયતના વોર્ડ નંબર-પના સભ્ય દ્વારા,''અમો વિકાસના કામો શરૂ કરીએ ત્યારે પત્રકારો પૈસાની માંગણી કરે છે. તેવા ખોટા અક્ષેપો નિશાંત શાહ દ્વારા કરવામાં આવ્યા હતા. જેથી આવા ખોટા આક્ષેપો અને પાયાવિહોણા આક્ષેપ કરીને વેજલપુર સહિત સમગ્ર પત્રકાર આલમની આબરૂ ઉપર કીચડ ઉછાડેલ છે. જેથી પત્રકારોએ જો કોઈ પૈસાને માંગણી કરી હોય અને તેના પુરાવા હોય તો તે પત્રકાર ઉપર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી અને કેમ તમામ પત્રકારો ને બદનામ કરવામાં આવે છે. પત્રકારોએ આવી ખોટી માંગણી કરી ન હોય તો આક્ષેપ કરનાર નિશાંતભાઈ સંજયભાઈ શાહ સામે પત્રકારોને ખોટી રીતે બદનામ કરવા બાબત કાયદેસર કાર્યવાહી કરવા અંગે લેખિત ફરિયાદ સાથે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાય અને બીજી તરફ તમામ પત્રકારો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવ્યું. પત્રકાર એકતા પરિષદના નેજા હેઠળ વોર્ડ નંબર-૫ ના સભ્ય નિશાંતકુમાર સંજયભાઈ શાહ કે જેઓ સરકારી અનાજના કારોબારમાં પીબીએમ હેઠળ જેલમાં જઈ આવ્યા હોવાથી ગત તા ૦૮/૧૨/૨૩ ના રોજ તેમનું સભ્યપદ રદ કરવા માટે વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા લેખિતમાં રિપોર્ટ કરવામાં આવેલ છે. જે રિપોર્ટ આધારે તાલુકા વિકાસ અધિકારીને રિપોર્ટ કરવા છતાં પણ આજદિન સુધી કોઈ કાર્યવાહી કરેલ ન હોય તેઓને સભ્ય પદેથી ગેરલાયક ઠેરવવાની કામગીરી કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. જેથી હવે જોવાનું એ રહયું કે, ઉચ્ચઅધિકારીઓ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે પછી વહાલા દાહલાની નીતિ આપનાવશે તે આવનારો સમય બતાવ શે.

## પાનમ ડેમમાં ૬૧.૬૦ ટકા પાણીનો જથ્થો હડફ ડેમમાં ૭૧.૫૪ ટકા અને કરાડ ડેમ માં ૧૪.૧૧ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.





શહેરા,
શહેરા નગર અને તાલુકાના આશીર્વાદ સમાન પાનમ ડેમમા ૬૧.૬૦ ટકા જેટલો પાણીનો જથ્થો યથાવત છે. આ પાણીનો જથ્થો ચોમાસા પછી પણ એક વર્ષ સુધી ચાલી શકશે, જેથી ૭૦થી વધુ ગામોને પીવા માટે અને ૧૩૨ ગામના ખેડૂતોને સિંચાઇ માટે સમયસર પાણી મળી રહેશે. જ્યારે પાનમની સિંચાઇ કેનાલમાં ૭૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જોકે, જીલ્લામાં આવેલ હડફ ડેમમાં ૭૧.૫૪ટકા અને કરાડ ડેમમાં ૧૪.૧૧ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

પંચમહાલ જીલ્લાના જીવાદોરી સમાન પાનમડેમ ૧૩૨ગામના ખેડૂતો અને ૭૦થી વધુ ગામોના લોકો માટે આશીર્વાદ સમાન છે. હાલ પાનમ જળાશયમાં ૬૧.૬૦ % ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ પાણીનો જથ્થો ચોમાસા સુધી અને તેના પાછળના મહિનાઓ સુધી ચાલી શકે તેટલો છે. ખેડૂતો માટે આશિર્વાદ સમાન પાનમ સિંચાઈ કેનાલનું પાણી લુણાવાડા તાલુકા, પંચમહાલ જીલ્લાના ગોધરા, શહેરા,કાલોલ અને વડોદરા જીલ્લાના ડેસર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડુતોને સિંચાઇ માટે પાણી મળતુ હોય છે. શહેરા અને ગોધરા તાલુકા સહિત અન્ય ગામો મળી ૭૦ થી વધુ ગામોને આ પાનમ ડેમ માંથી પીવાનું પાણી પુરૂ પાડવામાં આવવા સાથે પાનમ જળાશયના પાણીથી સિંચાઈ તળાવો ભરવામાં આવતા હોય છે. જયારે પાનમ ડેમમાં પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. જેના કારણે એક વર્ષ સુધી પાણી પુરવઠા યોજના દ્વારા અપાતા ગામો અને ખેડુતોને સિંચાઈ માટે પાણીની સમસ્યા સર્જાશે નહીં, તેમજ ખેડૂતોને પણ ખેતી માટે સમયસર પાણી મળી રહશે. જ્યારે હડફ ડેમમાં ૭૧.૫૪ ટકા અને કરાડ ડેમમાં ૧૪.૧૧ ટકા પાણીનો જથ્થો છે. જીલ્લામાં આવેલા ત્રણ જળાશય માંથી સૌથી વધુ પાણીનો જથ્થો હડફ ડેમમાં જોવા મળી રહ્યો હોય ત્યારે આવનાર દિવસોમાં આ જળાશય માંથી ખેતી માટે સિંચાઈ કેનાલમાં ખેડૂતોના હિત માટે પાણી છોડવામાં આવશે. જ્યારે પાનમ ડેમ માંથી ૭૫૦ ક્યુસેક અને કરાડ ડેમ માંથી ૧૫૦ક્યુસેક પાણી સિંચાઈ કેનાલમાં છોડવામાં આવી રહયું છે. ઉનાળામાં પાનમ ડેમ અને હડફ ડેમમાં સારો એવો પાણીનો જથ્થો ઉપલબ્ધ જોવા મળી રહ્યો હોય જેના કારણે સિંચાઈ કેનાલનું પાણી મેળવતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

### અતિક શિકારી ડેપ્યુટી ઈજનેર પાનમ જળાશય યોજના.

પાનમ ડેમમા ૬૧.૬૦ ટકા પાણીનો જથ્થો છે. ૧૩૨ ગામના ખેડૂતોને સિંચાઈ માટે અને ૭૦ ઉપરાંત ગામોને પીવા માટે પાણી મળી રહ્યું છે. હાલ જળાશયમાં ૬૧.૬૦ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાથી એક વર્ષ સુધી ચાલી શકે તેટલો પાણીનો જથ્થો છે. જળાશય માંથી પાનમ સિંચાઈ કેનાલ અને પાનમ હાઈ લેવલ કેનાલમાં પણ પાણી આપવામાં આવી રહયું છે.